# *GOVERNMENT ARTS COLLEGE, AMIRGADH*

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

### *શૈ. વર્ષ 2018 -19 માં થયેલ કાર્યક્રમો*

| ક્રમ | તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| 1 | 21-06-18 | આંતરરાષ્ટ્રીય યોગ દિન |
| 2 | 26-06-18 | ઇન્ટરનેશનલ એન્ટી ડ્રગ્સ-ડે ની ઉજવણી |
| 3 | 11-07-18 | વિશ્વ વસ્તીદિન |
| 4 | 13-07-18 | એન.એસ.એસ. ઓરિએન્ટેશન |
| 5 | 27-07-18 | ગુરુ પૂર્ણિમા ઉજવણી |
| 5 | 30-07-17 | મતદાર જાગૃતિ અભિયાન |
| 6 | 05-08-17 | વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવણી |
| 7 | 15-08-17 | સ્વાતન્ત્ર્ય દિન |
| 8 | સપ્ટે. 2017 | સ્વચ્છતા પખવાડિયું કાર્યક્રમ |
| 9 | 05-09-17 | સ્વચ્છતા અભિયાન- નિબંધ સ્પર્ધા |
| 10 | 11-09-17 | ‘વિશ્વ આત્મહત્યા નિવારણ દિન’ની ઉજવણી |
| 11 | 22-09-17 | થેલેસેમિયા કેમ્પ |
| 12 | 26-09-17 | નવરાત્રિ મહોત્સવ |
| 13 | 30-11-17 | ગીતા જયંતી |
| 14 | 01-12-17 | વિશ્વ એઇડ્ઝ દિન ઉજવણી |
| 15 | 08-12-17 | વક્તૃત્વ સ્પર્ધા- વ્યસન એક અભિશાપ |
| 16 | 12-01-18 | રાષ્ટ્રીય યુવા દિન |
| 17 | 25-01-18 | રાષ્ટ્રીય મતદાતા દિવસ |
| 18 | 26-01-18 | પ્રજાસત્તાક દિન |
| 19 | 22-02-18 | રામક્રિષ્નમિશન દ્વારા સ્વેટર વિતરણ |
| 20 | | સેવયંસેવકોએ ભાગ લીધેલ શિબિરો |
| | | |

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## ‘આંતરરાષ્ટ્રીય યોગ દિન’ ઉજવણી તા. 21/06/2018







યુનાઇટેડ નેશન્સ દ્વારા ૨૧ જૂનને ‘આંતરરાષ્ટ્રીય યોગ દિન’ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કૉલેજના વિદ્યાર્થીઓ યોગ વિશે જાગૃત બને તેવા શુભાશયથી સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ દ્વારા ‘આંતરરાષ્ટ્રીય યોગ દિન’ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ માટેની તાલીમ તા.૧૨ જૂન થી ૨૦ જૂન દરમિયાન પ્રોગ્રામ ઑફિસરશ્રી એન.બી.રાવલ દ્વારા વિદ્યાર્થીઓને કૉલેજના સભાખંડમાં આપવામાં આવી હતી. તા.૨૧ જૂનના રોજ તાલુકા કક્ષાના યોગ દિનની ઉજવણી કાર્યક્રમનું આયોજન મોડેલ શાળા, અમીરગઢ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન કૉલેજ, અમીરગઢના ૧૮૪ વિદ્યાર્થીઓ તથા કૉલેજના તમામ સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

### *N.S.S. તથા સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત*

### ***<u>" International Anti Drugs Day"</u>*** *ઉજવણી* **તા. 26/06/2018**



દશાબ્દી મહોત્સવ અંતર્ગત સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં તા. 26 જૂન 2018 7ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ અને એન.એસ.એસ. યુનિટ દ્વારા **'ઇન્ટરનેશનલ એન્ટી ડ્રગ્સ ડે'** ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમાજશાસ્ત્રના અધ્યાપકશ્રી ભૂપેન્દ્રભાઇએ નશીલા દ્રવ્યોના સેવનથી થતી આડ અસરો, કારણો અને નિવારણના ઉપાયોની વિસ્તૃત માહિતી આપીને વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહેવાનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી આચાર્યશ્રી એન. આર. ચૌધરીએ વ્યસનથી રાષ્ટ્રનું યુવા ધન વેડફાઇ રહ્યું છે. અને તેની સમાજ પર થતી વિપરીત અસરો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા અને વ્યસનથી દૂર રહેવાની અપીલ કરી હતી. ત્યારબાદ અમીરગઢ ગામના લોકોમાં જનજાગૃતિના હેતુથી વ્યસનમુક્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

(એન.બી.રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## "*વિશ્વવસ્તીદિન*" *ઉજવણી* તા. 11/07/2018







સમુદાય સેવા ધારા અંતર્ગત સામાજિક પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓને વસ્તી નિયંત્રણ અંગે જાગૃત કરવાના શુભાશયથી અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા. 11/07/2018ના રોજ 'વિશ્વ વસ્તીદિનની' ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સેમ ૧,૩ અને ૫ ના પાંચ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ વસ્તી વધારાથી સર્જાતી વિવિધ સમસ્યાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા અને વસ્તી વધારો તથા સમસ્યાઓ પર સમાજશાસ્ત્રના અધ્યાપકશ્રી એ. ડી. વળવીએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન આપ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી આચાર્યશ્રી એન. આર. ચૌધરી સાહેબે વિશ્વ વસ્તી દિન શા માટે ઉજવાય છે. તે સમજાવી વસ્તી વધારાની વ્યાપક અસરો વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન પ્રા. એન.બી.રાવલે કર્યું હતું તથા આભારવિધિ પ્રા. અશોકભાઈએ કરી હતી. આમ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા વસ્તી નિયંત્રણ અને રાષ્ટ્રની પ્રગતિ થાય તેવી કટિબદ્ધતા સાથે વિશ્વ વસ્તીદિનની ઉજવણી કરવામાં આવી હતી.

(એન.બી.રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

**"એન.એસ.એસ. ઓરિએન્ટેશન"** ***કાર્યક્રમ*** **તા. 13/07/2018**





અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ જી.બ.કાં. ખાતે તા. 26/08/2017ના રોજ **<u>રાષ્ટ્રીય સેવા યોજના</u>** (N.S.S.) માં જોડાયેલ સ્વયંસેવકો માટે N.S.S. પ્રવૃત્તિથી માહિતગાર કરવા મોટેનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એન.એસ.એસ.ના પ્રો. કો. ઓર્ડિ. શ્રી એન.બી.રાવલે આ યોજના વિશેની સંપૂર્ણ માહિતી આપતું વ્યાખ્યાન પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપ્યું હતું. જેમાં આ યોજનાનો આરંભ, ઉદ્દેશો, તેની પ્રવૃત્તિઓ, પ્રતિક ચિહ્ન, યોજનાનો સિદ્ધાન્ત વગેરેની ઉદાહરણ સહિત સમજૂતી આપી હતી. વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઇ પ્રશ્નોત્તરી કરી હતી. કાર્યક્રમના અન્તે પ્રા. આર. આર. ગોસ્વામીએ આભારવિધિ કરી હતી.

.

. (એન.બી.રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત

## "ગુરુપૂર્ણિમા" ઉજવણી તા.27/07/2018




અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા.27/07/2018ના રોજ 'ગુરુપૂર્ણિમા'ના પાવન પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રા. એ.બી. વાઘેલાએ સર્વનું અભિવાદન કરી કાર્યક્રમનો શુભારંભ ગુરુવંદના દ્વારા કરાવ્યો. જેમાં પંચાલ દૈવિક, ડાભી તેજબા, સોલંકી વિનોદ વિદ્યાર્થીઓએ ગુરુ મહિમા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભીલડીયા દીપિકાબેને ગુરુભક્તિનું ભજન ગાયું હતું. પ્રો. ઓ. પ્રા. એન. બી. રાવલે રામાયણ અને મહાભારતના ગુરુ-શિષ્ય પ્રસંગો જણાવી વિદ્યાર્થીઓને પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. એન. આર. ચૌધરીએ વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવી રાષ્ટ્ર નિર્માણમાં લાગી જવા હાકલ કરી હતી. પ્રા. ભૂપેન્દ્રભાઇએ આભારવિધિ કરી હતી.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

### “મતદાર જાગૃતિ”તા. 30/07/2017



અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢના એન.એસ.એસ.ના સ્યંસેવકો દ્વારા જુલાઇ માસમાં અમીરગઢ તાલુકાના ગામોમાં મતદાર જાગૃતિનું કાર્ય કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન પ્રા. એન.બી. રાવલે આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## *"વૃક્ષારોપણ" કાર્યક્રમ* તા. 05/08/2017





સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા. 05/08/2017 ના રોજ વૃક્ષારોપણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કૉલેજ પરિસરમાં આચાર્યશ્રી એન.આર.ચૌધરી સાહેબના હસ્તે વૃક્ષારોપણ કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અધ્યાપક મિત્રો તથા વિદ્યાર્થીઓના સહયોગથી સો જેટલા રોપા રોપવામાં આવ્યા. આ પ્રસંગે પ્રા. શ્રી. એન. બી. રાવલે વૃક્ષોના મહત્ત્વ વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું..

(એન. બી. રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત

## "15મી ઓગસ્ટ- સ્વાતન્ત્ર્યદિન " ઉજવણી     તા. 15/08/2017





અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા. ૧૫મી ઓગસ્ટના દિવસે 72 માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ શુભદિને આચાર્યશ્રી એન. આર. ચૌધરી સાહેબના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓએ તિરંગાને સલામી આપી રાષ્ટ્રગીત, ઝંડાગીત અને વંદેમાતરમનું ગાન કર્યું. ત્યારબાદ ડાભી તેજબા, કોલા ખેંગારામે ભારતને આઝાદી અપાવવા બલિદાન આપનાર વીર શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આચાર્યશ્રીએ સૌને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય તેવું પ્રેરક સંબોધન કર્યું હતું. સમગ્ર વાતાવરણ દેશભકિતના રંગે રંગાઈ ગયું હતું.

(એન.બી.રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

***N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત***

**’સ્વચ્છતા પખવાડિયું કાર્યક્રમ ”તા.સપ્ટે.2017**










અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે સ્વચ્છતા પખવાડિયું કાર્યક્રમ અંતર્ગત તા.01-09-2017 થી 15-09-2017 દરમિયાન કૉલેજ કેમ્પસ સફાઇ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઇ કાર્યક્રમમાં સૌ વિદ્યાર્થી ભાઇ બહેનો જોડાયા હતા. જોમણે કૉલેજ કેમ્પસની આજુબાજુ જે ઘાસ ઊગી નીકળ્યું હતું. તે સાફ કરી નિકાલ કર્યો હતો. કૉલેજની ટોઇલેટ, રૂમ વગેરેની સફાઇ પણ કરી હતી. તથા રોડ ઉપર પડી ગયેલ ખાડાઓનું પણ સમારકામ કર્યું હતું. અંતે સૌ વિદ્યાર્થી ભાઇ બહેનોને આચાર્યશ્રીએ બિરદાવ્યા હતા.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh,Dist.Banaskantha

## ***N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત***

## ***" સ્વચ્છતા અભિયાન – નિબંધ સ્પર્ધા "***તા. 05/09/2017






અત્રેની સરકારી કૉલેજ અમીરગઢ ખાતે તા.05/09/2017ના રોજ માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના નિર્દેશ મુજબ સ્વચ્છતા પખવાડિયું કાર્યક્રમની ઉજવણી અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજના 25 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધાનો વિષય 'મારા દેશને સ્વચ્છ બનાવવામાં મારી ભૂમિકા' હતો. જેમાં પ્રથમ ક્રમે દેસાઇ મનુભાઇ, બીજા ક્રમે સોલંકી વિનોદભાઇ, ત્રીજા ક્રમે રાઠોડ રાજુભાઇ અને ગોટાતર ભરતભાઇ આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક શ્રીમતી વર્ષાબેન હતા. આ કાર્યક્રમનુ આયોજન એન.એસ.એસ. કો ઓર્ડી. પ્રા. એન. બી. રાવલે આચાર્યશ્રી એન.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

***N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત***

## <u>'વિશ્વ આત્મહત્યા નિવારણ દિન'ની ઉજવણી</u>

**11/09/2017**






વર્તમાન સમયમાં આત્મહત્યા કરવા પ્રેરતી જીવલેણ ગેમ ‘બ્લ્યુ વ્હેલ’ના કારણે પૂરા વિશ્વમાં આશરે ૨૫૦ અને ભારતમાં ૨૦ જેટલા કિસ્સાઓ નોંધાયા છે ત્યારે વિદ્યાર્થીઓમાં આ બાબતે જાગૃતિ આવે તેવા આશયથી સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે સમાજશાસ્ત્ર વિભાગ અને એન.એન.એસ. દ્વારા તારીખ- ૧૧ સપ્ટેમ્બરના રોજ ‘વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ’(૧૦ સપ્ટેમ્બર)ની ઉજવણી કરવામાં આવી. જેમાં સમાજશાસ્ત્રના અધ્યાપક શ્રી.અજયભાઈ વળવીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વ આત્મહત્યા દિવસની ઉજવણીની શરૂઆત ક્યારે થઈ અને તેના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને સમજૂતી આપી. ત્યારબાદ પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી એમિલ દુર્ખાઇમના આપઘાતના સિદ્ધાંતની ચર્ચા કરી, ભારતમાં વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને ખેડૂત આત્મહત્યા માટેના કારણો તેમજ આત્મહત્યા નિવારણ માટેનાં ઉપાયોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ત્યારબાદ આચાર્યશ્રી. એન.આર.ચૌધરી સાહેબે આત્મહત્યા નિવારણ અંગેની વિસ્તૃત સમજૂતી આપી. અંતમાં શ્રી ભૂપેન્દ્રભાઈ એ આભારવિધિ કરી.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

***N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત***

## " થેલેસેમિયા કેમ્પ "તા. 22/09/2017












INDIAN RED CROSS SOCIETY, Main Branch,Ahmedabad તથા સરકારી વિનયન કૉલેજ, અમીરગઢના સંયુક્ત ઉપક્રમે તા. 22/09/2017, શુક્રવારના રોજ થેલેસેમિયા રોગનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી,અમદાવાદના કેમ્પ ઇન્ચાર્જ શ્રી. પ્રવીણભાઇ, લેબ ટેકનીશીયન શ્રી જગદીશભાઇ ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ થેલેસેમિયા કેમ્પના ઇન્ચાર્જ શ્રી. પ્રવીણભાઇએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ વિશે જાણકારી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ પ્રથમ વર્ષના 110 વિદ્યાર્થીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે એન.એસ.એસ. કો ઓર્ડી. શ્રી એન.બી.રાવલે સર્વેનો આભાર માન્યોહતો. આમ, એન.એસ.એસ. સ્વયંસેવકો તથા સમુદાય સેવાધારાના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત* *"નવરાત્રિ મહોત્સવ "* *ઉજવણી* **તા. 26/09/2017**



અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ જી.બ.કાં. ખાતે તા. 26/09/2017, સોમવાર ના રોજ નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રીએ મા જગદંબાની આરતી ઉતારી ઉત્સવનો આરંભ કરાવ્યો હતો. ત્યારબાદ ગરબાની રમઝટ શરૂ થઇ. જેમાં સૌ વિદ્યાર્થી ભાઇ બહેનો ગરબાના તાલે ઝુમી ઉઠ્યા. વિદ્યાર્થીઓની સાથે આચાર્યશ્રી તથા સર્વે અધ્યાપકોએ પણ રસપૂર્વક ભાગ લઇ ઉત્સવની ઉજવણી કરી.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત

## *" ગીતા જયંતિ "* તા. 30/11/2017







અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ જી.બ.કાં. ખાતે માગશર સુદ અગિયારસ-તા. 30-11-2017 ના રોજ ગીતા જયંતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં સોલંકી વિનોદ અને ડાભી તેજબાએ ગીતા વિશે વક્તવ્યો રજૂ કર્યા હતા. તથા અધ્યાપિકા શ્રીમતી વર્ષાબેને ગીતાના 15મા અધ્યાયનું ગાન કર્યું હતું. ગીતા જયંતિમાં ભાગ લીધેલ સર્વે વિદ્યાર્થી ભાઇ બહેનોને ગીતનું પુસ્તક આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ બનેલ.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## 'વિશ્વ એઇડ્સ દિન'ની ઉજવણી, 01/12/2017











સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં એન.એસ.એસ. યુનિટ અને સમાજશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.01-12-2017 ના રોજ અત્રેની કૉલેજ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અમીરગઢના સહયોગથી 'વિશ્વ એઇડ્સ દિન'ની ઉજવણી કરવામાં આવી. જે અંર્તગત કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારના એચ.આઇ.વી. ટેસ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્તમાન સમયના મહાભયાનક રોગ એઇડ્ઝ વિશે પ્રા. ભૂપેન્દ્રભાઇ ચડોખીયાએ પીપીટી દ્વારા વિદ્યાર્થીઓને રોગ વિશે માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં જાગૃતિ લાવે અને લોકજાગૃતિના માધ્યમ દ્વારા આ રોગને અટકાવી શકાય તે માટે આચાર્યશ્રી નરેશભાઇ ચૌધરીએ પણ તે અંગે સમજ આપી હતી.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh, Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## *" વ્યસન એક અભિશાપ – વક્તૃત્વ સ્પર્ધા "*તા. 08/12/2017










અત્રેની સરકારી કોલેજ અમીરગઢ ખાતે તા.08/12/2017ના રોજ તાલુકા આરોગ્ય કચેરી, અમીરગઢના સહયોગથી તમાકુ નિયંત્રણ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ‘વ્યસન એક અભિશાપ’ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. ત્યારબાદ તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ. ડી.બી.મહેતાએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તમાકુના વ્યસનથી થતા વિવિધ રોગો તથા વ્યસનને લગતી કાયદાકીય કલમો વિશે માહિતી આપી વ્યસનથી દૂર રહેવા અપીલ કરી હતી. પ્રા. એન.બી. રાવલે સૌને વ્યસન ન કરવા પ્રતિજ્ઞા લેવરાવી હતી. કાર્યક્રમના અંતે વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓ શર્મા જ્યોતિ, સોલંકી વિનોદ, તથા ડાભી ગણપતને તાલુકા આરોગ્ય કચેરી દ્વારા શિલ્ડ આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક પ્રા. ભૂપેન્દ્રભાઇ તથા પ્રા. અશોકભાઇ હતા. આ પ્રસંગે તાલુકા આરોગ્ય કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## 'રાષ્ટ્રીય યુવા દિવસ' તા. 12-01-2018






સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદજીના જીવનસંદેશ વિશે જાણે તથા ઉત્કૃષ્ટ માનવ બને તેવા શુભાશયથી તા.12 જાન્યુઆરી 2018 ના રોજ રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરવામાં આવી. પ્રાર્થના બાદ આચાર્યશ્રી નરેશભાઇ ચૌધરી તથા વિદ્યાર્થીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શર્મા જ્યોતિ, ડાભી ઇન્દુ, દેસાઇ મનુ અને ડાભી ગણપતે સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્ય વિશે વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે પ્રા. રૂપેશભાઇએ યુવાનોના આદર્શ- સ્વામી વિવેકાનંદ વિશે મનનીય પ્રવચન આપી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ત્યાગ, સેવા, રાષ્ટ્રીયતા, ચારિત્ર્ય ઇત્યાદિ ગુણો કેળવાય તેવા વિચારો રજૂ કર્યા હતા. અંતે આચાર્યશ્રીએ સ્વામી વિવેકાનંદજીના આધ્યાત્મિક વિચારો વિશે સમજ આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેને કર્યું હતું.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha.

## *N.S.S. તથા સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત*

## <u>*"25 મી જાન્યુઆરી* રાષ્ટ્રીય મતદાતા દિવસ"</u> તા.25/1/2018






ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૨૫ જાન્યુઆરીને "રાષ્ટ્રીય મતદાતા દિન તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેની તા.25/01/2018 ના રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ પ્રો. ઓ. એન.બી. રાવલે મતદાતા દિવસની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ નિમિત્તે કોલેજની વિદ્યાર્થિની જ્યોતિ શર્માએ 'નિર્ભય મતદાતા' કાવ્યનું ભાવવાહી પઠન કર્યું હતું. ત્યારબાદ યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે 'જાગો મતદાર જાગો' લઘુનાટિકા ભજવવામાં આવી. પ્રાસંગિક વક્તવ્યમાં આચાર્યશ્રી નરેશભાઇ ચૌધરીએ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવી મતદાનના અધિકારનો ઉપયોગ કરવા સર્વેને હાકલ કરી હતી. અંતે વિંધાર્થીઓ અને સમગ્ર સ્ટાફ પરિવારે નિર્ભયતા પૂર્વક અને ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઇપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

(એન.બી.રાવલ)

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha.

## *N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત*

## *"26 મી જાન્યુઆરી- પ્રજાસત્તાકદિન " ઉજવણી* તા. 26/01/2018





લોકતન્ત્રના મહાપર્વ એવા 69 મા પ્રજાસત્તાકદિનની અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા. 26/01/2018 ના રોજ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ શુભદિને સંસ્થાના આચાર્યશ્રી એન. આર. ચૌધરીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક વક્તવ્યમાં તેમણે ગણતન્ત્રદિનની શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીયતાની ભાવના કેળવવા હાકલ કરી હતી. ત્યારબાદ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિગીત, નૃત્ય અને વક્તવ્યો વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતાં. આ રાષ્ટ્રીય પર્વમાં ઉપસ્થિત અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓએ તિરંગાને સલામી આપી રાષ્ટ્રગીત, ઝંડાગીત અને વંદેમાતરમનું ગાન કર્યું ત્યારે સમગ્ર વાતાવરણ દેશભકિતના રંગે રંગાઈ ગયું હતું.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha.

## N.S.S. તથા સપ્તધારાની સમુદાય સેવાધારા અંતર્ગત

## "રામકૃષ્ણમિશન, અંબાજી દ્વારા સ્વેટર વિતરણ કાર્યક્રમ" તા. 22/02/2018




અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે તા. 22/02/2018 ના રોજ રામકૃષ્ણ મિશન, અંબાજી દ્વારા કોલેજના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્વામીજીના હસ્તે સ્વેટર ભેટ આપવામાં આવ્યા હતા.

Program Officer
National Service Scheme
Govt. Arts College Amirgadh
Amirgadh Dist. Banaskantha.

# *" સ્વયંસેવકોએ ભાગ લીધેલ વિવિધ તાલીમ શિબિરો"*

## (1)સ્વામી વિવેકાનંદના વિચારો અન્વયે ચિંતન શિબિર, ડીસા(11 થી 13 જાન્યુ. – 2018)

ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા ખાતે યુનિ. કક્ષાની યોજાયેલ સ્વામી વિવેકાનંદના વિચારો અન્વયે ચિંતન શિબિરમાં અત્રેની કૉલેજના નીચેના છ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

1 પ્રજાપતિ રક્ષાબેન એસ. 2. ડાભી તેજબા જે.
3 રબારી સોનીબેન બી. 4. વાઘેલા લક્ષ્મીબા એસ.
5 ડાભી સર્જનસિંહ એસ. 6.ડાભી પુષ્કરસિંહ ટી.

## (2) પર્યાવરણ જાળવણી શિબિર, અંદ્રોખા (16, 17 જાન્યુ. – 2018)

આર્ટ્સ કૉલેજ, અંદ્રોખા, તા. વિજયનગર જિ. સાબકાંઠા ખાતે યોજાયેલ પર્યાવરણ જાળવણી શિબિરમાં અત્રેની કૉલેજના ત્રણ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

1. રાઠોડ રાજુભાઇ આઇ. 2. દેસાઇ મનુભાઇ ડી.
3. ડાભી કલ્યાણસિંહ એમ.

## (3) યુવા નેતૃત્વ તાલીમ શિબિર, જીલીયા (22, 23 જાન્યુ. – 2018)

ગ્રામ વિદ્યાપીઠ, જીલીયા, તા.ચાણસ્મા જિ. પાટણ ખાતે યોજાયેલ યુવા નેતૃત્વ તાલીમ શિબિરમાં અત્રેની કૉલેજના નીચેના એક સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

1. વાંસિયા દિનેશકુમાર એમ.

## (4) ડીજિટલ ઇન્ડિયા શિબિર, રૂપપુર-ચાણસ્મા ( 24 જાન્યુ. – 2018)

જેઠાબા પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રૂપપુર-ચાણસ્મા, જિ. પાટણ ખાતે યોજાયેલ ડીજિટલ ઇન્ડિયા શિબિરમાં અત્રેની કૉલેજના નીચેના ત્રણ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

1. સોલંકી વિનોદભાઇ સી. 2. ડાયમા મહેશભાઇ એમ..
3. ડાભી ગણપતસિંહ ડી.

## (5) વાર્ષિક સંગોષ્ઠિ શિબિર (22 ફેબ્રુ. –2018)

હે. ઉ. ગુ. યુનિ., સંલગ્ન મુ. પાટણ જિ.પાટણ ખાતે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક સંગોષ્ઠિ શિબિરમાં અત્રેની કૉલેજના નીચેના અધ્યાપકોએ ભાગ લીધો હતો.

1. શ્રી એન. બી. રાવલ (પ્રો. ઓફિસરશ્રી એન.એસ.એસ.)